# ECHO OF HIS CALL

## સાદનો પ્રતિસાદ

GUJARATI

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE

REACHING NATIONS


India's National Spiritual Newspaper

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. PANKAJ C. WADIA

VOL: XXVI | YEAR OF OUR LORD JESUS CHRIST, 2024 APRIL | NO: 02

**પવિત્ર બાઈબલ**
**કૃપા કરી આ ભાગ મોઢે કરો**
**પ્રભુની સ્તુતિ થાઓ!!**

ગીતશાસ્ત્ર ૩૪:૧-૧૦

૧. હું સર્વ સમયે યહોવાને ધન્યવાદ આપીશ; મારે મુખે તેની સ્તુતિ નિરંતર થશે.

૨. મારો આત્મા યહોવાને લીધે વડાઈ કરશે; દીન લોકો તે સાંભળીને આનંદ કરશે.

૩. મારી સાથે યહોવાને મોટો માનો, અને આપણે એકઠાં મળીને તેનું નામ બુલંદ માનીએ.

૪. મેં યહોવાનો શોધ કર્યો, અને તેણે મને ઉત્તર આપ્યો, અને મારા સર્વ ભયમાંથી મને છોડાવ્યો.

૫. તેની તરફ જુઓ અને પ્રકાશ પામો; એટલે તમારાં મુખ કદી ઝંખવાણાં પડશે નહિ.

૬. આ કંગાલ પુરુષે પોકાર કર્યો, અને યહોવા તેનું સાંભળીને તેનાં સર્વ સંકટમાંથી તેને બચાવ્યો.

૭. યહોવાના ભક્તોની આસપાસ તેનો દૂત છાવણી કરે છે, અને તેમને છોડાવે છે.

૮. અનુભવ કરો અને જુઓ કે યહોવા ઉત્તમ છે; જે માણસ તેના પર ભરોસો રાખે છે તેને ધન્ય છે.

૯. યહોવાના સંતો, તેનું ભય રાખો; કેમ કે તેનું ભય રાખનારાને કંઈ ખોટ પડતી નથી.

૧૦. સિંહનાં બચ્ચાંને તંગી પડે છે ને ભૂખ વેઠવી પડે છે; પણ જેઓ યહોવાને શોધે છે તેઓને કોઈપણ સારા વાનાની અછત હોશે નહિ.

# ત્યાં તમને છોડાવવા તારનાર છે! બીહો મા!

## THERE IS A SAVIOUR TO DELIVER YOU! DO NOT FEAR!!

*બહેન જેસી વીણા સામ*



આપણા પ્રભુ, જેઓ આપણા તારનાર પણ છે, તેઓ આ દિવસોમાં આપણને દોરી રહ્યા છે. બાઈબલના સમયોમાં, એજ યહોવા પ્રભુએ લોકોનો પોકાર સાંભળ્યો હતો, તેમની અરજો સાંભળી હતી, તેમને સર્વ જોખમોમાંથી બચાવ્યા હતા અને તેઓને તારણની કૃપા આપી હતી. આવો આપણે જોઈએ કે તેમણે બાઈબઈમાં નોંધાયેલા વ્યક્તિગત લોકો મારફતે કેટલાક લોકોને બચાવ્યા હતા.

### ૧. મૂસા

આવો આપણે જોઈએ કે મૂસાએ ઈસ્ત્રાએલપુત્રોને કેવી રીતે અને કેવા પ્રકારની પરિસ્થિતિમાંથી બચાવ્યા હતા, નિર્ગમનના પુસ્તકનો ૨જો અધ્યાય આપણને મૂસાના જન્મ વિશે જણાવે છે. યૂસફને લીધે, શરૂઆતમાં ઈસ્રાએલપુત્રોએ મિસરમાંની સ્વતંત્રતાનો આનંદ માણ્યો હતો. જો કે, તેઓ પાછળથી તેજ દેશમાં ગુલામ બન્યા હતા, ઘણી સખત મુશ્કેલીઓ




ઈકો ઓફ હીજ કોલ

ખ્રિસ્તી યૂટ્યૂબ ચેનલ !

પાળક એસ. સામ સેલ્વરાજ સાથે

પ્રાર્થના કરવાની એક તક!

પાંચ મિનિટોમાં સંદેશો, પ્રાર્થના!!

અંગ્રેજી, હિન્દી, તામિલ અને તેલગુ

દરરોજ - સવારે ૨.૦૦ વાગે થી

તમિલ રવિવારની ભજનસેવા - સવારે ૮.૩૦ વાગે

# ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)

## *from your dearly beloved brother...*

REACHING NATIONS





### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઈએ અને શીખવવું જોઈએ. આ સમયની જરૂરિયાત છે.


HON. EDITOR-IN-CHIEF

Rev. Angeline S. Kumari, M.A., M.Sc., M.Ed.

HON. MANAGING EDITOR

Pastor Alex Samson Sam, B.Th., M.Div.

GENERAL MANAGER

Bro. N. Prakasam, M.A., M.Sc.(C&P), PGDHRM, MBA.

ADMINISTRATION

Sis. Jesy Veena Sam
Adv. K. Puratchivendan, M.Com., C.A., B.L.
Dr. P.E.R. Premchand, M.Sc., M.A., M.Ed., Ph.D.
Dr. C.G.S. Baburao, B.Tech., M.Tech. (DM), Ph.D.
Dr. Rabinder Boaz, M.S. (CMC)

EDITORIAL BOARD

Dr. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Sis. Sajini Cherian
Sis. L. Mariya Anjalin, M.A., M.Sc., B.Ed.
Rev. Dr. K.R. Rajasekaran



EDITOR, PUBLISHER & PRINTER

Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 98412 71858, 95661 31858

E.MAIL

sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

WEBSITES

www.echoofhiscall.org
www.stpaulsmatriculation.com

YOUTUBE CHANNEL

Echo of His Call


**"...યહોવા તારું રક્ષણ કરશે, અને તારા પગને સપડાઈ જતો બચાવશે." (નીતિવચનો - ૩:૨૬)**

ખ્રિસ્તમાં વહાલા ભાઈઓ તથા બહેનો,

આપણા પ્રભુ અને તારનાર ઈસુ ખ્રિસ્તના કૃપાળુ નામમાં તમ સર્વને સલામ સાથે હાર્દિક શુભેચ્છાઓ!

અમને અમારી વિધવિધ મિનિસ્ટ્રીજોને માટે, જેમ કે ૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતા **ઈકો ઓફ હીજ કોલ** સામયિકો, ૪ ભાષાઓમાંની **ઈકો ઓફ હીજ કોલ** યૂટ્યૂબ ચેનલો, ૩ ભાષાઓમાંના **બાઈબલકોર. મૂળભૂત બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો,** બે ભાષાઓમાંના ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ત્રણ જુદા જુદા સ્થળોને આવેલી **નહેમ્યા બાઈબલ કોલેજો, સેન્ટ પોલ મેટ્રીક્યૂલેશન સ્કૂલ** (ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક શાળા), મુખ્ય ચર્ચ અને શાખા ચર્ચો માટે પ્રતિસાદ મળી રહ્યા છે તેનાથી અમે રોમાંચિત છીએ. અમે સુવાર્તાનો વિશ્વમાં પ્રચાર કરવામાં સક્રિય રીતે સંકળાયેલા છીએ. અમે પ્રામાણિકતાથી તમારી સહાયતા અને ભલાઈને માટેની કદર કરીએ છીએ અને આતૂરતાથી તમારા પ્રતિભાવોની રાહ જોઈએ છીએ.




*Annual Day of St. Paul's Matriculation School*

અમારી **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ**ના વાર્ષિક દિવસની ઉજવણીનો સફળતાનો અહવાલ તમને જણાવતા અમને આનંદ થાય છે, જે ૨જી માર્ચ, ૨૦૨૪ના રોજ આયોજવામાં આવ્યો હતો. તે પ્રસંગે વિદ્યાર્થીઓએ તેમની પ્રતિભાઓ બતાવી હતી અને તેમા ઘણા માતાપિતાઓ, બાળકો અને આસપાસના વિસ્તારના રહેવાસીઓએ હાજરી આપી હતી. તે સંમેલન અને છૂટકારાની સભા જેવું જ હતું અને અમે તમારી થઈ રહેલી પ્રાર્થનાઓ માટે આભારી છીએ.

અમે સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલના પ્રાંગણમાં ખાસ બાળકો અને જુવાનોની રેલી તા. ૩જી માર્ચ, ૨૦૨૪ના રોજ આયોજીત કરી હતી. અંદાજે ૧૦૦ સભ્યોએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી, જેમા ખાસ ગીતો, સાક્ષીઓ અને સંદેશાઓનો સમાવેશ થયો હતો.

ચર્ચની ભજનસેવા બાદ અમે નિયમિતપણે દર રવિવારે જુવાન બાળકોને મળીએ છીએ. આ બાળકોને ઈશ્વરની બીકમાં ઉછેરવામાં આવ્યા છે. અમને આપણા **સેન્ટ પોલ મેટ્રીક્યલેશન**



***Children and Youth Rally***


Our Ministries: ECHO OF HIS CALL Monthly Magazines (16 languages) BIBLECOR - Postal Courses (3 languages) YouTube Ministry Online Courses Theological Correspondence Courses (2 languages) Church Planting Nehemiah Bible Colleges Gospel Printing Press Great Commission Partners St. Paul's Matriculation School Crusades Community Development



***Prayer for students appearing Public Examination***

**સ્કૂલ** માટે અને **નહેમ્યા બાઈબલ કોલેજોમાં**ના હિન્દી અને અંગ્રેજી ભાષાઓ માટે વધુ વિદ્યાર્થીઓ, સારા શિક્ષકો અને આગેવાનોની જરૂરીયાત છે. વધુમાં, અમને અમારા ૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતા **ઈકો ઓફ હીજ કોલ** માસિક સમાચારપત્રો માટે વધુ વાચકોની જરૂરીયાત છે. કૃપા કરીને અમને તમારા મિત્રો અને સંબંધીઓનાં વધુ સરનામા મોકલશો, જેથી અમે તેમને મફતમાં **ઈકો ઓફ હીજ કોલ** તેમની ભાષાઓમાં મોકલી શકીએ. અમને **ઈકો ઓફ હીજ કોલ**ના ઉર્દૂ ભાષામાં પણ વધુ વાચકોની જરૂર છે. તમારી કોઈપણ પ્રકારની સહાયતાની, નાની કે મોટી, બહુ કદર કરવામાં આવશે અને ઈશ્વર તરફથી તમને તેનો બદલો મળશે.

દુનિયાભરના સર્વ દેશોની શાંતિ અને સમૃદ્ધિ માટે અમે સતત પ્રાર્થના કરીએ છીએ. ખાસ કરીને, ભારતની આત્મિક સમૃદ્ધિને માટે અમે પ્રાર્થના કરીએ છીએ. અમે ઈશ્વરના



***Nehemiah Bible College Board Meeting***

આશીર્વાદો તમારા પર, તમારા કુટુંબ પર અને તમારા દેશ પર આવે તે માટે ઈશ્વરને વિનંતી કરીએ છીએ.

અમારા નહેમ્યા બાઈબલ કોલેજના ફેકલ્ટી સભ્યો રેવ. એમ. મુથ્થુના તેમ જ અમારા નવા જોડાયેલા વરિષ્ઠ આચાર્ય રેવ. જે. જહોન રાજારાથનમની આગેવાનીમાં વિકાસની તથા નિયમિત પ્રવૃત્તિઓના ચર્ચા કરવા દર મહિને મળે છે.

અમે હમેશાં તમારા ઈમેલસ, પત્રો, ફોન કોલ્સ વગેરેને પ્રાપ્ત કરતા તેમને પ્રભુમાં યાદ કરીએ, જે અમને આત્મિક લડાઈઓમાં આગળ વધવા સામર્થ્ય આપે છે. અમને અમારા કાર્યાલયીન કર્મચારીઓ, ચર્ચ સભ્યો, સહસંપાદકો, પાળકો, સુવાર્તિકો, અમારા બાળકોની સન્ડે સ્કૂલના વિદ્યાર્થીઓ, ગ્રામ્ય ઉચ્ચ માધ્યમિક સ્કૂલ અને બાઈબલ કોલેજો, છાપખાનાના કર્મચારીઓ, કાર્યાલયના કર્મચારીઓ, તેમજ અમારા કુટુંબના સભ્યોને માટે તમારી ખાસ પ્રાર્થનાઓની જરૂર છે. ઘણા કર્મચારીઓ શારીરીક રીતે તંદુરસ્ત નથી, કૃપા કરીને તેમને તમારી પ્રાર્થનાઓમાં યાદ કરશો.

ઈશ્વર તમને ભરપૂરીપણાથી આશીર્વાદિત કરો.

**ઈસુ ખ્રિસ્તમાં તમારા સેવકો**

**પાળક એલેક્ષ સેમસન સામ**
**પાળક એસ. સામ સેલ્વ રાજ**

(+91) 98412 71858 / 98410 71858,
E.mail : sam@echoofhiscall.org

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

## કૃપા કરીને ધ્યાન આપો : ઈકો ઓફ હીજ કોલના વાચકોને

અમારા પાંચ મિનિટના ઈકો ઓફ હીજ કોલ યૂટ્યૂબ સંદેશાઓ સવારે ૨.૦૦ વાગેથી તામિલ, તેલગુ, અંગ્રેજી અને હિન્દીમાં (દરરોજ) પ્રસારીત કરવામાં આવે છે. તમે આ સંદેશાઓ સાંભળીને ઈશ્વરની કૃપા મેળવી શકો છો.

વધુમાં તમે મારા મોબાઈલ નંબરો (+૯૧)૯૮૪૧૦૭૧૮૫૮, +૯૧(૯૮૪૧૨૭૧૮૫૮) તમારા મોબાઈલમાં સેવ કરી રાખશો.

**પાળક એસ. સામ સેલ્વરાજ**

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

(પાન ૧થી આગળ...)

સાથે અને મોટા દુઃખ સાથે તેમને તેમની ભૂલો સમજાઈ હતી, અને તેઓએ યહોવા પ્રભુને પોકાર કર્યો હતો.

યહોવા પ્રભુએ ઈબ્રાહિમને ભવિષ્યવાણી તરીકે કહ્યું હતું કે ઈસ્રાએલપુત્રો મિસરમાં ૪૦૦ વર્ષો સુધી ગુલામીમાં રહેશે. (ઉત્પતિ ૧૫:૧૩). ઉત્પતિ ૧૫:૧૬માં ભવિષ્યવાણી કરવામાં આવી હતી કે, ‘‘પણ તેમની ચોથી પેઢીના અહિં પાછા આવશે’’. યહોવા પ્રભુએ, તેમના વચનની ખાતરી પ્રત્યે ખરા રહેતા, ઈસ્રાએલપુત્રોનો પોકાર સાંભળ્યો હતો.

તેમના દુઃખોને, સહન ન કરી શકતા, તેઓએ આજીજી કરી હતી કે, ‘‘હે યહોવા પ્રભુ, અમારા પર દયા કરો અને ફારૂનના દુષ્ટ હાથોમાંથી અમને બચાવો. અમારા પૂર્વજોને વચન આપ્યા મૂજબ દૂધમધની રેલછેલવાળા કનાન દેશનો વારસો અમને ક્યારે મળશે? અમે ક્યારે સ્વતંત્રતામા અમારા યહોવા પ્રભુની ભક્તિ કરી શકીશું અને બલિદાનો ચઢાવી શકીશું?’’

યહોવા પ્રભુ, જેમણે તેમના લોકોની પરીક્ષા કરી હતી, પણં તેમની ક્ષમતાથી વધુ

નહિ, તેમણે તેમનો પોકાર સાંભળ્યો હતો. તેમની અયોગ્યતા હોવા છતા, જ્યારે પણ ઈસ્રાએલપુત્રોએ પસ્તાવો કર્યો હતો, દયા માટે યહોવા પ્રભુને પોકાર કર્યો હતો, ત્યારે તેમના પ્રેમાળ હૃદયે તેમનું સાંભળ્યું હતું અને તેમની પ્રત્યે દયા દર્શાવી હતી.

યહોવા પ્રભુએ ઈસ્રાએલપુત્રોને ફારૂનના બળવાન હાથમાંથી છોડાવવા બચાવનાર તરીકે મુસાની પસંદગી કરી હતી. મૂસા જેને તારનાર તરીકે તેની માતાના ગર્ભમાંથી પસંદ કરવામાં આવ્યો હતો. (ગીતશાસ્ત્ર ૧૩૯:૧૬), જ્યારે મિસરમાં બે વર્ષથી નાના સર્વ નર બાળકોને મારી નાખવાનો હુકમ આપવામાં આવ્યો હતો, ત્યારે ચમત્કારીક રીતે, તેને સલામત રાખવામાં આવ્યો હતો. તે ત્રણ મહિનાનો થયો ત્યા સુધી તેને સંતાડી રાખવામાં આવ્યો હતો, જ્યારે તે સમયે નાના બાળકોને વધુ સમય સુધી સંતાડી રાખવું અશક્ય થઈ ગયુ હતું. પછી તેણીએ તેને એક તૃણની પેટીમાં મૂક્યો અને નીલ નદીમાં વહેતી મૂકી દીધી, જે મગરોથી ભરપૂર હોવા માટે જાણીતી હતી.

ફારૂનના મહેલમાં રાજકુમાર તરીકે મોટા થયા પછી, મૂસા પાછળથી એક મિસરીને અકસ્માતે મારી નાખ્યા પછી, અને પોતાની હિબ્રૂ તરીકેની ઓળખ જાહેર થયા પછી, અરણ્યમાં નાસી ગયો હતો. ઈશ્વરે ૪૦ વર્ષો સુધી ઘેટીપાળક તરીકે દોર્યા પછી, તેને દર્શન આપ્યું હતું.

મૂસાએ એક બળતૂ ઝાડવું જોયું હતું. જેના પાંદડા અગ્નિથી બળતા નહતા, તેથી આવી ઘટના કેવી રીતે બની શકે, તે અંગે તેને આશ્ચર્ય થયું હતું. ઝાડનુ થડ તથા પાદડા બળતા નહતા, પણ ઝાડવું બળતું. દેખાતું હતું. જ્યારે તે પાસે જઈ રહ્યો હતો, ત્યારે ઈશ્વરે તેને હાંક મારી, એમ કહીને કે, **"મૂસા, મૂસા મેં ઈસ્રાએલના લોકોનો વિલાપ, પોકાર સાંભળ્યો છે. તું ફારૂન પાસે જા, તેની સાથે વાત કર, જેથી તે ઈસ્રાએલપુત્રોને છોડશે અને તેમને કનાન દેશમાં દોરી લઈ જા, વચનનાં દેશમાં, જે વિશે મેં ઈબ્રાહિમ તથા ઈસહાકને વચન આપ્યું હતું. હું આ જવાબદારી તને સોંપું છું."**

શરૂઆતમાં અચકાતા, મૂસાએ પ્રશ્નો કર્યા હતા, તેના અવિશ્વાસને દર્શાવતા, તેની બોલવાની ઓછી ક્ષમતાને લીધે અને ધીમા બોલવાને લીધે. તેની મર્યાદાઓ હોવા છતાં, ઈશ્વરે તેને ખાતરી આપી હતી, અને કહ્યું હતું, "ફારૂન પાસે જા, હું તારી સાથે છું. તારા ભાઈ હારૂનને તારી સાથે લઈ જા અને તે બોલશે."

કેટલીક વખતે, મૂસાની જેમ, આપણે પોતાની જાતને બહાના કાઢતા બનાવીએ છીએ, જ્યારે ઈશ્વર આપણને ખાસ રીતે દોરવણી આપે છે કે કેટલીક ક્રિયાઓ માટે પ્રતિબંધિત કરે છે આપણા સ્વાર્થી ઈરાદાઓને માટે.

મૂસા, જો કે, અંતે, ઈશ્વરની આજ્ઞા પાળે છે, ઈસ્રાએલપુત્રોને ગુલામીમાંથી છોડાવવા પસંદગી પામીને. યહોવા પ્રભુ મૂસાની સાથે એક મિત્રની જેમ મોઢામોઢ વાત કરે છે. (નિર્ગમન ૩૩:૧૧) ચમત્કારો અને અદ્દ્ભુત કાર્યો કરીને, યહોવા પ્રભુ દ્વારા પસંદ કરતા, મૂસા લાલ સમુદ્ર મધ્યેથી લોકોને મિસરમાંથી બહાર કાઢી લાવે છે.

આ આપણે નિર્ગમનના ૧લા અધ્યાયથી ૧૪મા અધ્યાય સુધીમાં વાંચીએ છીએ. જો કે, યહોવા પ્રભુ ફારૂનને ઈસ્રાએલપુત્રોની પાછળ પડવા મંજૂરી આપે છે, તેમને છોડાવ્યા પછી. મિસરમાં ૪૩૦ વર્ષો પછી (ચાર પેઢીઓ) ઈસ્ત્રાએલપુત્રો પોતાની સામે લાલ સમુદ્રનો અને પાછળ આવતા ફારૂનની અને તેના સૈન્યનો અને બન્ને તરફના પહોડોનો સામનો કરે છે. ત્યારે તેઓ ગભરાઈને પોકારી ઊઠે છે.

મૂસા, દૈવી દોરવણીથી, ઈશ્વરની સૂચના મૂજબ લાલ સમુદ્રના બે ભાગ કરે છે. જ્યારે મૂસાએ પોતાની લાકડી લંબાવી, ત્યારે પાણીના બન્ને બાજુએ બે ભાગ થઈ ગયા અને તે ભીંતની જેમ ઊભા થઈ ગયા. જેથી ઈસ્રાએલપુત્રો કોરી ભૂમિ પર ચાલીને પાર જઈ શકે, એવો રસ્તા થયો હતો. પાછળ પડનારું સૈન્ય સમુદ્રમાં ડૂબી ગયું, યહોવા પ્રભુના પરાક્રમને અને મહિમાને દર્શાવતા.

આમ, તારનાર તરીકે કાર્ય કરતા, સમુદ્રના બે ભાગ કરીને મૂસા ઈશ્વરના લોકોને છોડાવે છે.

## ૨. ઓથ્નીએલ

જેમ ન્યાયાધીશો ૩:૧-૧૧માં નોંધાયેલ છે, ચમત્કારોનો અનુભવ કર્યા છતાં, ઈસ્ત્રાએલપુત્રો વારંવાર પાપમા પડ્યા હતા, કનાનના વિદેશી દેવોની પૂજા કરતા હતા. ઈશ્વરના કોપને લીધે તેઓ અરામ-નાહરાઈમના રાજા કુશાન-રિશઆથાઈમના હાથ નીચે આઠ વર્ષો સુધી દુઃખ અને સંકટમાં ગુલામ તરીકે રહ્યા હતા.

જેઓએ પાપ ર્ક્યુ હતું, તેઓએ આપણા યહોવા પ્રભુએ તજી દીધા નહોતા; જ્યારે ઈશ્વરના લોકોએ છૂટકારા માટે પોકાર ર્ક્યો હતો, ત્યારે જેમ યશાયા ૫૪:૭માં વચનની ખાતરી

(આગળ પાન ૬ પર...)


# નહેમ્યા બાઈબલ

સાંધ્ય/નિવાસી કોલેજ, ચૈનાઈ

વેલાચેરી / ચેપોક તથા સંથોષપૂરમ, ચૈનાઈ

માધ્યમ : हिंदी / तमिल

સભ્યપદ માટે નોંધેલા ઉમેદવાર
એશિયા થીઓલોજીકલ એશોસિએશન (ATA)
આંતરરાષ્ટ્રિય ખ્રિસ્તી આગેવાનો અને વડિલ પાળકો
દ્વારા છેલ્લા ૫૪ વર્ષોથી માન્યતા પ્રાપ્ત.

ઈશ્વરવિદ્યામાં સર્ટીફિકેટ
ઈશ્વરવિદ્યામાં ડિપ્લોમા

શૈક્ષણિક પાત્રતા :
૧૦મું ધોરણ અને વધુ

પ્રવેશ લેવા ઝડપ કરો!
મહેરબાની કરીને સંપર્ક કરો

અધ્યક્ષ : નહેમ્યા બાઈબલ કોલેજો
૧૦, મહોમદ અબદુલ્લા બીજી ગલ્લી, ક્રિકેટ સ્ટેડીયમની સામે, ચેપોક, ચેનાઈ-૬૦૦૦૦૫, ભારત
ફોન. : (+૯૧-૦૪૪) ૨૮૫૨ ૮૨૮૨, મો.: ૯૮૪૧૦ ૭૧૮૫૨, ૯૫૬૬૧ ૩૧૮૫૮
E-mail: sam@echoofhiscall.org Websites : www.echoofhiscall.org
★ ઓનલાઈન ક્લાસ ઉપલબ્ધ છે ★

# મહાન આદેશના ભાગીદારો

વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (૨તિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ એપ્રિલ ૨૦૨૪ થી ૧૮ મે ૨૦૨૪ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)



## ✝ સ્તુતિનાં મુદ્દાઓ

**૧૯ એપ્રિલ** : આપણી **ઈકો ઓફ હીઝ કોલ** યૂટ્યુબ ચેનલને વણખેડાયેલા બહુભાષી લોકો સુધી પહોંચાડવા માટે આશીર્વાદિત કરવા માટે.

**૨૦ એપ્રિલ** : આપણા **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ, નહેમ્યા બાઈબલ કોલેજ અને બાઈબલના પત્રવ્યવહાર અભ્યાસક્રમો** પરના તેમના આશીર્વાદો માટે.

**૨૧ એપ્રિલ** : અમારા **ઈકો ઓફ હીઝ કોલ** મિનિસ્ટ્રીજના કર્મચારીઓ અને તેમના કુટુંબીજનોને સુરક્ષિત રાખવા માટે.

**૨૨ એપ્રિલ** : આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનસાથી ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારોને પર અને તેમના કુટુંબો પરની ઈશ્વરની દયાને માટે.

**૨૩ એપ્રિલ** : અમારા તા. ૨જી માર્ચ, ૨૦૨૪ના રોજ યોજાયેલ **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ**ના વાર્ષિક દિવસની ઉજવણીને આશીર્વાદિત કરવા માટે.

**૨૪ એપ્રિલ** : ૩જી માર્ચ ૨૦૨૪ના રોજ યોજાયેલી અમારી પરીક્ષા પ્રાર્થના સભા અને યુવા પ્રવૃત્તિઓને આશીર્વાદિત કરવા માટે.

**૨૫ એપ્રિલ** : યુવાનો માટે આશીર્વાદો સાથે, તેમને અમારી બધી ચર્ચ પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા પ્રોત્સાહિત કરવા માટે.

**૨૬ એપ્રિલ** : આપણા **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલના** વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક ૧૦મા ધોરણની સરકારી પબ્લિક પરીક્ષા પૂરી કરી તેના પરના આશીર્વાદોને માટે.

**૨૭ એપ્રિલ** : અમે આપણા ચર્ચો, સંડે સ્કૂલ, જુવાનો અને સ્કૂલ મિનિસ્ટ્રીજો પરના આશીર્વાદો માટે વિનંતી કરીએ છીએ.

**૨૮ એપ્રિલ** : અમે અમારી **નહેમ્યા બાઈબલ કોલેજની** માન્યતા માટેની ATA (એશિયા થિયોલોજિકલ એસોસિએશન) ની VET (વિઝિટિંગ ઈવેલ્યુએશન ટીમ) મુલાકાત માટે આશીર્વાદો માટે વિનંતી કરીએ છીએ.

**૨૯ એપ્રિલ** : આપણા વડીલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના કુટુંબને દરેક દુષ્ટ પરિબળોથી સુરક્ષિત રાખવા માટે.

**૩૦ એપ્રિલ** : અમારા સામયિકને ૧૬ ભાષાઓમાં અમારા છાપખાનામાં છપાવવા અને પ્રકાશિત કરીને બહારના મિશન વિસ્તારોમાં મોકલવામાં સહાય કરવા માટેના તેમના આશીર્વાદોને માટે.

**૦૧ મે** : નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૦૨૪ને આશીર્વાદિત કરવા માટે.

**૦૨ મે** : આપણા સર્વ સહ સંપાદકો અને તેમના કુટુંબીજનોને આશીર્વાદિત કરવા માટે.

**૦૩ મે** : મિશન કાર્યકરો તરફથી મોટી પ્રતિબદ્ધતાને માટે.

## ✝ પ્રાર્થનાનાં મુદ્દાઓ

**૦૪ મે** : હાલમાં પ્રવર્તતી આત્યંતિક હવામાન પરિસ્થિતિઓથી વિશ્વને બચાવવા ઈશ્વરના દૈવી રક્ષણ માટે.

**૦૫ મે** : આ દુનિયામાં નિઃસ્વાર્થપણે તેમના બાળકોને ઉછેરનાર તમામ માતાઓ માટે.

**૦૬ મે** : ઈશ્વર દ્વારા ઈસ્રાએલમાં, પેલેસ્ટાઈનમાં, યૂક્રેનમાં અને રશિયામાં શાંતિ સ્થપાય તે માટે.

**૦૭ મે** : આપણા વડીલ પાળક તેમની આત્મકથા સફળતાપૂર્વક પૂર્ણ કરે તે માટે પ્રાર્થના કરીએ.

**૦૮ મે** : આ નવા વર્ષમાં ઈશ્વરની દૈવી દોરવણી માટે.

**૦૯ મે** : પાળક જ્હોનીના દુઃખિત કુટુંબને દૈવી દિલાસો મળે તે માટે.

**૧૦ મે** : અમારું સુવાર્તા છાપખાનું અને તેના દરરોજના સંચાલન માટે.

**૧૧ મે** : ઈશ્વર અમારી માન્યતા માટેની ATA પ્રવૃત્તિઓને આશીર્વાદિત કરે તે માટે.

**૧૨ મે** : અમારી સંસ્થાના કર્મચારીઓ વચ્ચે એકતા અને સંવાદિતા માટે.

**૧૩ મે** : અમારા **નહેમ્યા બાઈબલ કોલેજ**ના સમારંભની સફળતા માટે જે તા. ૧લી જૂન, ૨૦૨૪ના રોજ યોજાનાર છે.

**૧૪ મે** : શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે અમારી નિવાસી અને સાંધ્ય **નહેમ્યા બાઈબલ કોલેજ**માં લાયક વિદ્યાર્થીઓના પ્રવેશ માટે.

**૧૫ મે** : શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે અમારી **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ**માં નવા વિદ્યાર્થીઓના પ્રવેશ માટે.

**૧૬ મે** : વિશ્વભરના દર્દીઓ લાંબા સમય સુધી હોસ્પિટલમાં રોકાણ અને અંતિમ પળની બિમારીઓ સહન કરે તે માટે.

**૧૭ મે** : ઈશ્વર દેશોને એવા નેતાઓ સાથે આશીર્વાદ આપે કે જેઓ ઈશ્વરનો ડર રાખે અને તેમનું સન્માન કરે તે માટે.

**૧૮ મે** : મિનિસ્ટ્રીઓ અને મિશનરીઓ સામેના અત્યાચારનો અંત લાવવા માટે.

(પાન ૪ પરથી આગળ...)

આપવામાં આવી હતી કે, "મેં ક્ષણવાર તને તજી હતી; પણ હવે પુષ્કળ દયાથી હું તને સમેટીશ," તેમ યહોવા પ્રભુએ છોડાવનાર, બચાવનાર આપ્યો હતો.

"...ઈસ્રાએલપુત્રોએ યહોવાને પોકાર કર્યો, ત્યારે યહોવાએ ઈસ્રાએલપુત્રોના બચાવનાર તરીકે કાલેબના નાના ભાઈ કનાઝના દીકરા ઓથ્નીએલને ઊભો કર્યો. તેણે તેઓને બચાવ્યા. અને યહોવાનો આત્મા તેના પર આવ્યો, ને તેણે ઈસ્રાએલનો ન્યાય કર્યો; અને તે લડાઈ કરવા ગયો, ને યહોવાએ અરામના રાજા કુશાન-રિશઆથાઈમને તેના હાથમાં સોંપ્યો; અને તેને હાથે કુશાન-રિશઆથાઈમનો પરાજય થયો." (ન્યાયાધીશો ૩:૯,૧૦). પરિણામે, દેશમાં ૪૦ વર્ષો સુધી શાંતિ રહી હતી, એ બતાવતા કે કેવી રીતે યહોવા પ્રભુએ ઓથ્નીએલને ઈસ્રાએલપુત્રોના બચાવનાર, તારનાર તરીકે તે સમયે નીમ્યો હતો.

## ૩. ગિદિયોન

હવે, આપણું ધ્યાન ગિદિયોન તરફ ફેરવતા, આપણે જોઈએ છીએ કે, ઈસ્રાએલપુત્રોએ ફરીથી યહોવા પ્રભુની દ્રષ્ટિમા જે ભૂંડું હતું તે કર્યુ, જેને લીધે યહોવા પ્રભુએ તેઓને સાત વર્ષ લગી મિદ્યાનીઓના હાથમાં સોંપ્યા. (ન્યાયાધીશો ૬:૧).

મોટા સંકટનો સામનો કરતા, મિદ્યાનીઓ, અમાલેકીઓ તથા પૂર્વ દિશાના લોકો તીડની માફક સંખ્યાબંધ ચઢી આવતા અને તેમની જમીનના પાકનો નાશ કરતા અને તેમના ઢોરઢાંકને લૂટી લઈ જતા. કંગાલ અવસ્થાને લીધે, ઈસ્રાએલપુત્રો, પર્વતોમાં કોતરો, ગૂફાઓમાં આશ્રય લેતા હતા. (ન્યાયાધીશો ૬:૨,૪ અને ૫). તેમના સંકટમાં તેઓએ યહોવા પ્રભુને પોકાર કર્યો, જેમણે પ્રબોધક મોકલીને તેમને ભૂતકાળમાં મિસરમાંથી અને જુલમમાંથી કેવી રીતે તેમનો છૂટકારો કર્યો હતો તે યાદ દેવડાવ્યું અને તેમને અમોરીઓના દેવોથી ન બીવા માટે કહ્યું. (ન્યાયાધીશો ૬:૮-૧૦).

જ્યારે તેમના લોકો ભટકી ગયા હતા, ત્યારે પણ તેમના પોકારને લીધે યહોવા પ્રભુએ તેમના ઉધ્ધાર માટે પસંદ કરેલ વ્યક્તિને મોકલવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

આપણે પણ યહોવા પ્રભુની વાણી સાંભળવાથી નિષ્ફળ જઈએ છીએ. જા કે, જ્યારે આપણા પર મુશ્કેલી આવે છે, આપણે તેમને અને તેમની દયા માટે પોકાર કરીએ છીએ, ત્યારે તેઓ આપણી મુશ્કેલીઓથી આપણને છોડાવે છે.

ઈસ્રાએલને બચાવવા માટે, ઈશ્વરે એક દૂતને મોકલ્યો હતો, જેણે અબીએઝરી યોઆશના ઓફ્રાહમાં એલોન વૃક્ષ નીચે દર્શન આપ્યું હતું. મિદ્યાનીઓના ડરથી તેમની નજરે ન પડે એવી રીતે યોઆશનો દીકરો ગિદિયોન દ્રાક્ષાકુંડની અંદર ઘઉં ઝૂડતો હતો. યહોવા પ્રભુના દૂતે ગિદિયોનને પરાક્રમી શૂરવીર એમ કહીને સલામ કહી હતી. તેના પ્રતિસાદમાં, ગિદિયોને તેને કહ્યું કે જો યહોવા પ્રભુ તેમની સાથે છે તો તેઓને કેમ વિપત્તિઓનો સામનો કરવો પડે છે અને તેણે તેમના પૂર્વજોએ જોયેલા ચમત્કારોમાં અવિશ્વાસ બતાવ્યો હતો.

મૂસાની જેમ, ગિદિયોનની શરૂઆતની આનાકાની અને બહાના હોવા છતાં, યહોવા પ્રભુએ ગિદિયોનને ઈસ્રાએલપુત્રોનો બચાવ કરવાના કાર્ય વિશે ખાતરી આપી હતી. - "**...નિશ્ચય હું તારી સાથે હોઈશ, ને તું જાણે એક માણસને મારતો હોય તેમ તું મિદ્યાનીઓને મારશે...**" (ન્યાયધીશો ૬:૧૫-૧૬).

ગિદિયોન હજૂ પણ માનવા તૈયાર ન હતો અને તેણે યહોવા પ્રભુ પાસેથી ચિન્હ માગ્યું હતું. સંખ્યાબંધ ચિન્હોનો અનુભવ કર્યા પછી, ગિદિયોન અને તેના માણસો મિદ્યાનીઓની સામે લડવા ગયા હતા.

યહોવા પ્રભુએ ગિદિયોનને ચેતવણી આપી હતી કે જો તે ઘણા બધા સૈનિકો સાથે વિજય મેળવશે, તો ઈસ્રાએલ પોતાના મહિમાનો દાવો કરશે. યહોવા પ્રભુની દોરવણીને અનૂસરતા, ગિદિયોને લોકોની પરીક્ષા કરી અને ફક્ત ૩૦૦ જણને રાખ્યા અને બાકીનાઓને તેમના તંબૂએ મોકલી દીધા. (ન્યાયાધીશો ૭:૮).

મિદ્યાનીઓની છાવણી ખીણમાં સંતાઈને પડી હતી અને તે રાત્રે, યહોવા પ્રભુએ ગિદિયોનને નીચે જવા કહેતા, તેને વિજયની ખાતરી આપી હતી, "...મિદ્યાનીઓ તથા અમાલેકીઓ તથા પૂર્વ દિશાના સર્વ લોકો ખીણની અંદર તીડની માફક સંખ્યાબંધ પડેલા હતા; અને તેઓનાં ઊંટ સમુદ્રના કાંઠાની રેતીની પેઠે અગણિત હતા." (ન્યાયાધીશો ૭:૧૨).

ગિદિયોન, જે હજુ પણ ભયભીત હતો, તેને શત્રુની વાતચીત સાંભળવા માટે કહેવામાં આવ્યુ હતું, જેમાં મિદ્યાનીઓના તંબૂને પાડી નાખવા માટે જવની એક રોટલી સ્વપ્નમાં બતાવવામાં આવી હતી. (ન્યાયાધીશો ૭:૧૦-૧૩).

તેના માણસોને ત્રણ ટૂકડીઓમા વહેંચીને, ગિદિયોને તેમને રણશિંગડાં, ખાલી ઘડા અને ઘડામા દીવા આપીને સજ્જ કર્યા હતા. ઘડાને ફોડી નાખતા અને રણશિંગડાં વગાડતા, સાથે સાથે, તેઓએ લલકાર કર્યો કે, "**યહોવાની તથા ગિદિયોનની તરવારની જે!**" (ન્યાયાધીશો ૭:૨૦)

પારંપારિક હથિયારોની કમી હોવા છતાં, સ્તૂતિથી ભરપૂર લલકારોએ ચમત્કારિક રીતે વિજય અપાવ્યો હતો, જ્યારે શત્રુઓ ડરથી નાસી ગયા હતા અને યહોવા પ્રભુએ તેમને એકબીજાની વિરુદ્ધ કરાવીને મારી નંખાવ્યા હતા. (ન્યાયાધીશો ૭:૨૨) આ વિજય, જે યહોવા પ્રભુ તરફથી ભેટ હતી, તેણે ગિદિયોનને એક બચાવનાર, તારનાર તરીકે સ્થાપિત કર્યો હતો અને દેશમાં ૪૦ વર્ષો સુધી શાંતિ રહી હતી.

આપણી મુશ્કેલીઓ વચ્ચે, ઈશ્વરની સ્તુતિ કરતા, પરિવર્તનશીલ સામર્થ્યથી દુઃખો આનંદમાં ફેરવાઈ જાય છે.

ગિદિયોનની તારનાર તરીકેની ભૂમિકાએ બતાવ્યું છે કે ઈશ્વર તેમના લોકોના પોકારને પ્રતિસાદો આપે છે. મુશ્કેલીના મોટા સમયોમાં, આપણી પ્રાર્થનાઓ આપણું રક્ષણ કરવા અને આપણને છોડાવનારને મોકલવા ઈશ્વરને પ્રોત્સાહિત કરે છે.

જ્યારે દુઃખો સાથે આસુંઓ હોય, ત્યારે યશાયા ૪૧:૧૦ કલમો તરફ ફરતા, જે કહે છે, "**તું બીશ મા, કેમ કે હું તારી સાથે છું.**" અને યશાયા ૪૩:૪, "**કેમ કે તું મારી દ્રષ્ટિમાં મૂલ્યવાન થયો છે, તું સન્માન પામેલો છે**" આપણને દિલાસો અને પ્રેરણા પૂરા પાડે છે.

કેટલીક વખતોએ, જ્યારે આપણે એકલા મુસાફરી કરીએ છીએ, ત્યારે આપણામાં કદાચ અસ્વસ્થતા આવી જાય, પણ જ્યારે આપણે ચિંતા કરીએ, છીએ, ત્યારે ઈશ્વર આપણને મદદ કરવા સાથી મુસાફરને કહે છે; તે ક્ષણે, તે વ્યક્તિ આપણો તારનાર, બચાવનાર બની જાય છે. હોસ્પિટલોમાં, આપણે જ્યારે દાખલ થઈએ છીએ, ત્યારે ઈશ્વર અજાણ્યા ડોક્ટરોને કે નર્સોને મોકલે છે, આપણને પ્રેમાળ રીતે સહાય કરવા આ વ્યક્તિઓ ઈશ્વર તરફથી મોકલાયેલા

(આગળ પાન ૯ પર...)

## નહેમ્યા બાઈબલ કોલેજ

### પદવીદાન સેવા માટેનો સમારંભ : ૨૦૨૩ – ૨૦૨૪

સ્થળ : BKN Hall, Vepery, Chennai – 07.
તારીખ : ૧લી જૂન, ૨૦૨૪ (શનિવાર)
સમય : સાંજે ૫.૦૦ વાગે




૫૦ જેટલા વિદ્યાર્થીઓ તેમનો અભ્યાસ પૂર્ણ કરશે અને તેમને મિશનકાર્યના વિસ્તારોમાં મોકલવામાં આવશે.

અને શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માટે તામિલ અને હિન્દી અભ્યાસક્રમો માટે ૭૫ વિદ્યાર્થીઓની જરૂર છે. આ વિનંતી માટે કૃપા કરીને પ્રાર્થના કરશો.

## અમારા મુખ્યાલયમાં ચાલતી અમારી મિનિસ્ટ્રીજને માટે કૃપા કરીને પ્રાર્થના કરશો.

૧. પ્રાર્થના ભજનસેવા - ૨૪ કલાકો.
૨. **બાઈબલકોર** - બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો અંગ્રેજી, તામિલ અને હિન્દી.
૩. **ઈકો ઓફ હીજ કોલ** - માસિક સામયિકો : અંગ્રેજી, તમિલ, મલયાલમ, તેલુગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલા અને આફ્રિકન્સ
૪. નહેમ્યાહ બાઈબલ કોલેજો - (બે કેન્દ્રો) (સાંધ્ય / નિવાસી)
૫. ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો - અંગ્રેજી અને તામિલ
૬. મહાન આદેશના ભાગીદારો - (પાળકોનું માળખું)
૭. તાલિમ કાર્યક્રમો
૮. ક્રુસેડો
૯. સાહિત્ય વિતરણ અને તેનું ફોલો અપ
૧૦. સુવાર્તા છાપખાનું - પ્રકાશનો
૧૧. સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ - ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક શાળા
૧૨. રવિવારની શાખા - રવિવારે સવારે ૮.૩૦ અને સાંજે ૪.૦૦ વાગે.
**૧૩. તામિલ ભજનસેવા - રવિવારે સવારે ૮.૦૦ વાગે અને ૧૦.૦૦ વાગે**
**૧૪. હિન્દી ભજનસેવા - રવિવારે સાંજે ૪.૦૦ વાગે**
**૧૫. તેલગુ ભજનસેવા - રવિવારે સાંજે ૫.૦૦ વાગે**
**૧૬. અંગ્રેજીને તામિલ ભજનસેવા - રવિવારે સાંજે ૬.૦૦ વાગે**
૧૭. મહિલાઓની પ્રાર્થના - બુધવારે સાંજે ૫.૦૦ વાગે
૧૮. પૂરૂષોની પ્રાર્થના - શુક્રવારે સાંજે ૫.૦૦ વાગે
૧૯. અનુશાસનતા બેઠકો - શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૦. ગૃહ બેઠકસભા - મંગળવારે અને ગુરૂવારે સાંજે ૬.૩૦ વાગે
૨૧. ખાસ પ્રભુ ભોજન - મહિનાના પ્રથમ દિવસે સવારે ૬.૦૦ વાગે
૨૨. સેવકોની સમીક્ષા બેઠક - પ્રથમ શનિવારે સાંજે ૫.૩૦ વાગે
૨૩. માતાપિતાઓની પ્રાર્થના - પ્રથમ રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૨૪. રાત્રી પ્રાર્થના - બીજા શુક્રવારે રાત્રે ૯.૩૦ વાગે
૨૫. ઉપવાસ સાથેની પ્રાર્થના - ત્રીજા શનિવારે સવારે ૯.૩૦ વાગે
૨૬. પવિત્ર સહભાગીતા/પ્રભુ ભોજન - બીજા રવિવારની ભજનસેવા વખતે
૨૭. સવારની ભક્તિ - દરરોજ સવારે ૫.૦૦ વાગે
૨૮. કર્મચારીઓની તાલીમ - દરરોજ સવારે ૯.૦૦ વાગે
૨૯. કાયાલય - સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ (રવિવાર સિવાય)

## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં-૫૭ પૃષ્ઠો, હિન્દીમાં-૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, "નવુ જીવન-તમારા માટે" એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શૂલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુર્વાતિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂા.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશે!

**વધુ માહિતી માટે અમારા પર લખો**

**The Chairman, Nehemiah Bible College,**
Echo of His Call, Post Box 2957
CHEPAUK, CHENNAI - 600 005.
Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,
Cell : 98410 71852, 95661 31858
E.mail : biblecor@yahoo.co.in

## ઈકો ઓફ હીજ કોલ
### માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે **ઈકો ઓફ હીજ કોલ** માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.

## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | | |
|---|---|---|
| Account Name | : | ECHO OF HIS CALL EDUCATIONAL TRUST |
| Account Number | : | 1023 2923 805 |
| Bank Name | : | STATE BANK OF INDIA |
| Branch | : | TRIPLICANE, CHENNAI - 600 005 |
| IFSC Code | : | SBIN 0000249 |
| SWIFT Code | : | SBI NIN BB 455 |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

**“જે વાંચે, તે સમજે”** (માથ્થી ૨૪:૧૫)

**“તારો બોજો યહોવા પર નાખ, એટલે તે તને નિભાવી રાખશે.”** - ગીતશાસ્ત્ર ૫૫:૨૨


વર્ષ ૧૯૬૯માં, મારો પ્રભુ ઈસુ સાથે જીવન બદલી નાખનાર સામનો થયો હતો, મારા ખ્રિસ્તી ધર્મના શરૂઆતના પ્રતિકાર છતાં. આ અનુભવ મને મારા તારણ તરફ દોરી લઈ ગયો હતો, જેને કારણે મારી અને મારા જૂના મિત્રો વચ્ચે તકરાર ઊભી થઈ હતી, જેમણે મને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, પ્રભુએ તેમની આંખની કીકીની જેમ મને સુરક્ષિત રાખ્યો હતો.

ઈશ્વર તરફથી સંખ્યાબંધ વચનોની ખાતરી સાથે ૧૯૭૧માં હું ચેન્નાઈ આવ્યો હતો. મારો ચેન્નાઈમાંનો પ્રથમ દિવસ પડકારભર્યો હતો. મેં મારી જાતને કોઈપણ આધાર વિના જોઈ, જેને કારણે મારે એક રાત રસ્તાઓ પર પસાર કરવી પડી હતી. ભયથી ભરપૂર, આખી રાત હું જાગતો રહ્યો હતો.

અંદાજે રાત્રે બે વાગ્યે, બે પોલીસ અધિકારીઓ મારી પાસે આવ્યા અને મારી પરિસ્થિતિ વિશે પૂછપરછ કરી. મેં મારા કુટુંબની પાર્શ્વભૂમિ તેમની સાથે વહેંચી અને કેવી રીતે પ્રભુ ઈસુએ મારું જીવન બદલી નાખ્યું હતું, તે વિશે વાત કરી. જ્યારે તેમને મારી તરફથી કોઈ ગૂનો જોવા મળ્યો નહિ, ત્યારે તેમણે પ્રશ્ન કર્યો કે હું રાત્રીએ કેમ રસ્તા પર પડી રહ્યો હતો. એક અધિકારીએ મને પોલીસ સ્ટેશને લઈ જવાની સૂચના કરી પણ બીજાએ કહ્યું કે હું એક સન્માનીય પાર્શ્વભૂમિમાંથી આવ્યો છું.

પાછળથી, તેમણે મારી તરફ જોયું અને કહ્યુ, “અમારી સાથે આવો” તેઓ મને પોલીસ સ્ટેશને લઈ ગયા અને પોલીસ ખાતાના કાર્યકરોની વસાહતની બાજુમાં આવેલા એક ગેરેજમાં મારી રહેવાની વ્યવસ્થા કરી આપી. તેણે મને આરામની ખાતરી આપી અને કહ્યુ કે, “જે કોઈ સારી જીંદગી ઈચ્છે છે, તેને માટે આ એક સલામત અને યોગ્ય સ્થળ છે. મને મારી અંદરથી તમને સહાય કરવાની એક મજબૂત અનુભતિ થઈ છે, જો કે તેના સ્રોત વિશે હું અચોક્કસ છું.”

તેમણે ઉમેર્યુ કે, “ત્યાં એક સાપ છે, જે દરરોજ રાત્રે ગેરેજમાં ફરતો રહે છે, જો કે તેણે ક્યારેય કોઈને નુકસાન પહોચાડ્યું નથી, તેથી ત્યાં ચિંતા



કરવાની જરૂર નથી. જો તમે સાપનો સામનો કરો તો કૃપા કરીને શાંત રહેજો. જે દૈવી શક્તિ તમને દોરી રહી છે, તે તમારું રક્ષણ કરશે. મેં ક્યારેય આ પોલીસ અધિકારી સાથે ફરીથી મુલાકાત કરી નહોતી.

જ્યારે સવાર થઈ, મને લાગ્યું કે જાણે હું ખાડામાં ફસાયેલો હતો, વાઘનો સામનો કરવા જેવા ડરથી ઘેરાયેલો હતો. રાત્રીના સાપની મુલાકાત વિશે જાણ્યા પછી, મેં પાણીનો પ્યાલો લીધો, પ્રાર્થના કરી અને ગેરેજમાં આસપાસ પાણી છાંટ્યું અને બોલ્યો કે, “ઈસુ ખ્રિસ્તના રક્તમાં વિજય!” નોંધપાત્ર રીતે, આખી રાત હું ત્યાં રહ્યો ત્યાં સુધી કોઈ પણ જીવડા કે સાપો તે ગેરેજમાં દાખલ થયા નહોતા, તેને એક આકાશની જેમ સલામત બનાવતા.

મારા ગેરેજમાં રહેવાના સમય દરમિયાન, મેં ઘણા બધા પોલીસ અધિકારીઓ સાથે મિત્રતા બાંધી હતી. તેઓ ખુલ્લી રીતે, મારી સાથે તેમના સંઘર્ષો વિશે કબૂલાત કરતા હતા, અને ઘણાઓએ મારી પ્રાર્થનાઓ મારફતે, તેમની સમસ્યાઓનો ઉકેલ મેળવ્યો હતો અને ઈસુ ખ્રિસ્તને તેમના વ્યક્તિગત તારનાર તરીકે કબૂલ કર્યા હતા. દૈવી હાજરી તે સ્થાનમાં સ્પષ્ટ હતી અને તેને પરિણામે, મારી સાથે વધુ કાળજી અને આદર સાથે વ્યવહાર કરવામાં આવતો હતો, અવર્ણનીય આનંદ અને રક્ષણનો અનુભવ કરતા.

પ્રભુ પછી મને બીજી જગ્યાએ દોરી લઈ ગયા અને મને ભાડાનું ઘર લેવામાં સહાય કરી હતી. ઈશ્વર હીતકરક છે. જેઓ આપણા ઈશ્વર પ્રભુમાં તેમનો વિશ્વાસ મૂકે છે, તેમને કોઈપણ અછત રહેશે નહિ. ઈસુ ખ્રિસ્ત ગઈકાલે, આજે અને આવતીકાલે એવાને એવા અપરિવર્તનશીલ છે. તેઓ તમારા જીવનમાં પણ અસાધારણ અજાયબીઓ કરશે.

*જ્યારે મારી અરણ્યમાંની મારી મુસાફરી મને થકવી નાખે છે,*
*ત્યારે હું મારા વહાલાનો સાદ સાંભળું છું, જે મને*
*આરામ અને આશીર્વાદ આપે છે.*
*જો કે લાલ સમુદ્ર મારી સામે ઊભો રહે,*
*યહોવા પ્રભુ મને બચાવશે અને મને માર્ગ બતાવશે.*
*તેઓ ચોક્કસ છોડાવશે અને નવુ સામર્થ્ય આપશે,*
*મારા વિરોધીઓને હરાવવા અને તેમનો નાશ કરવા.*

~~~~~~
~~~~~~

(પાન ૬ પરથી આગળ...)

બચાવનારાઓ, તારનારાઓ હોય છે. આપણમાંના ઘણાએ આપણા જીવનોમાં આવા દૈવી હસ્તક્ષેપનો અનુભવ કર્યો છે.

પ્રભુ આપણી જમણી બાજુએ આપણી છાયા તરીકે ઉભા રહે છે, આપણને રક્ષણ આપે છે. જે ચહેરાઓ પ્રામાણિકપણે તેમની તરફ જુએ છે, તે સારી રીતે પ્રકાશિત થાય છે. આપણી ભૂલો હોવા છતાં, આપણે તેમને સ્વીકારવા જોઈએ, ઈશ્વરની સાથે સમાધાન કરવું જોઈએ અને આપણા અંતરાત્માને સાંભળવો જોઈએ.

મૂસાની પહેલાનો યુગ અંતરાત્મા દ્વારા વર્ગીકૃત કરવામાં આવ્યો હતો, અને મૂસાની મારફતે ઈશ્વરે નિયમો અને આજ્ઞાઓ આપ્યા હતા, આપણને ન્યાયના જીવન તરફ દોરવણી આપતા.

**હવે, આવો આપણે યૂનાની વાર્તામાં જઈએ.**

## ૪. યૂના!

યૂના જે બાઈબલમાંનો એક પ્રબોધક હતો, તેને ઈશ્વરે નિનવેહ શહેર જવાનું અને ત્યાના લોકોને તેમની દુષ્ટતા માટે ચેતવણી આપવાનું કાર્ય સોંપ્યું હતું. આજ્ઞા ન પાળતા, યૂના તાર્સિસ જતા એક વહાણમાં ચઢી બેઠો, જેને લીધે એક મોટું વાવાઝોડું અને તોફાન આવ્યું હતું. આજ્ઞાભંગને જાણીને, વહાણમાંના લોકોએ તેને સમુદ્રમાં નાખી દીધો, જ્યાં ઈશ્વરે તેને ગળી જવા એક મોટી માછલી મોકલી હતી. આ માછલી યૂનાને બચાવનાર બની હતી. ત્રણ દિવસ પછી, માછલીએ યૂનાને નિનવેહની સૂકી ભૂમિ પર ઓકી કાઢ્યો હતો.

યુનાએ પોતાની ભૂલમાંથી શીખતા, પછી લોકોને પાપને છોડી દેવાનો ઉપદેશ આપ્યો હતો અને એમ તેમનો તારનાર, બચાવનાર બન્યો હતો.

અત્યાર સુધીના સઘળા બચાવનારાઓનો આપણે સામનો કર્યો. તેમણે લોકોને અધર્મી શાસકોના હાથ નીચે પીડાઈ રહેવાથી અને જેઓ આજ્ઞાભંગના પરિણામોનો સામનો કરી રહ્યા હતા, તેઓને બચાવ્યા હતા. જો કે, આ બચાવનારાઓ આખરે મરણ પામ્યા હતા અને દટાયા હતા, તોપણ લોકો પાપ કરતા રહ્યા હતા. ઈશ્વરે તેમના પુત્ર ઈસુ ખ્રિસ્તને માનવીય સ્વરૂપમાં મોકલ્યા હતા. ઈસુ જેઓ પાપરહિત હતા, તેમણે વધસ્તંભ ઊંચક્યો હતો, કોરડાનો માર સહન કર્યો હતો, તેમનું રક્ત વહેવડાવ્યું હતું અને વધસ્તંભે જડાયા હતા અને આપણા પાપો માટે તેમના જીવનનું બલિદાન આપ્યું હતું. ત્રીજે દિવસે પુનરુત્થાન પામીને, ઈસુ આપણી મધ્યે રહ્યા, દોરવણી આપી, આપણને સુધાર્યા અને સુરક્ષિત રાખ્યા, જ્યારે આપણે ભૂલ કરી ત્યારે પણ, જ્યાં સુધી આપણે આકાશમાં ન પહોંચીએ. તેમની કબર ખુલ્લી રહી હતી, અનંતજીવનના પ્રતીક તરીકે.

આપણી ભૂલો છતાં, ઈસુ ખ્રિસ્ત, આપણા તારણહારે, આપણને દોરવણી આપી, આપણને સુધાર્યા અને આપણને સુરક્ષિત રાખ્યા, આપણને તેમની ઈચ્છા પ્રમાણે દોર્યા અને આપણે આકાશમાં ન જઈએ ત્યાં સુધી આપણું ધ્યાન રાખ્યું હતું.

હું દરેક વહાલા વાચકને એક મહત્ત્વનો સંદેશો આપવા માંગું છું, **"તમે દેવની પાસે જાઓ, એટલે તે તમારી પાસે આવશે."** (યાકૂબનો પત્ર ૪:૮).

વધુમાં, જેઓ નિષ્ઠાપૂર્વક તેમને અનુસરે છે અને તેમની આજ્ઞાઓ પાળે છે, તેમના માટે તેમણે નોંધપાત્ર આશીર્વાદોનું વચન આપ્યું છે. "હું તમને ખચીત કહું છું કે જ્યારે પુનરુત્પત્તિમાં માણસનો દીકરો પોતાના મહિમાના રાજ્યાસન પર બેસશે, ત્યારે તમે, મારી પાછળ આવનારા, ઈસ્રાએલનાં બારે કુળનો ન્યાય કરતાં બાર રાજ્યાસનો પર બેસશો, (માથ્થી ૧૯:૨૮). આ વિશિષ્ટ આશીર્વાદો કોણ પ્રાપ્ત કરશે?

આ પાપી જગતમાં પાપમાં જન્મેલા વ્યક્તિઓ તરીકે, આપણે આ તારણહારને નિષ્ઠાપૂર્વક અનુસરવું જોઈએ જે આપણને પવિત્રતામાં પરિવર્તિત કરે છે. આવો આપણે તેમના માટે, પવિત્રતાનું જીવન જીવીએ, એક ભવિષ્યની કલ્પના કરીએ, જ્યાં આપણે તેમની બાજુમાં રાજ્યાસન પર બેસી શકીએ અને ન્યાયાધીશો તરીકે જીવી શકીએ. આવો આપણે આપણી જાતને સમર્પિત કરીએ અને આ અદ્ભુત જીવન માટે લાયક થઈએ. **"જે પ્રભુએ આપણને પવિત્ર થવા માટે તેડ્યા છે, તે જેવા પવિત્ર છે તેવા તમે પણ સર્વ પ્રકારના આચરણમાં પવિત્ર થાઓ."** (પિતરનો ૧લો પત્ર ૧:૧૫) **"હું પવિત્ર છું, માટે તમે પવિત્ર થાઓ."** (પિતરનો ૧લો પત્ર ૧:૧૬).

પ્રભુ તમને આશીર્વાદિત કરો અને તમને દોરવણી પૂરી પાડો. આમીન!

*******


## તાકીદની જરૂરીયાત

**આચાર્ય અને શિક્ષક**

**સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ** માટે,
*ઈકો ઓફ હીજ કોલ સંસ્થા*
વિજયનગરમ, મેદાવક્કમ, ચેન્નાઈ-૧૦૦

**અમને સારી રીતે શિક્ષિત, અનુભવી, સમર્પિત, સખત મહેનત કરનાર અને સેવાકાર્યલક્ષી ખ્રિસ્તી વ્યક્તિની જરૂર છે.**

*બાયોડેટા સાથે અરજી કરો :*
E.mail: sam@echoofhiscall.org
WhatsApp: (+91) 98412 71858

## જોઈએ છે

**ઈકો ઓફ હીજ કોલ,** ચેન્નાઈના
**નહેમ્યા બાઈબલ કોલેજ** માટે
(ATA **સભ્યપદ માટે નોંધાયેલ ઉમેદવાર**)

**ડીન (નિવાસી)** M. Div. / M. Th. Degree **સાથે હિન્દી ધર્મશાસ્ત્રી અને અનુભવ સાથે.**

***લાયક ઉમેદવારો બાયોડેટા મોકલી શકે છે :***
E.mail: sam@echoofhiscall.org
WhatsApp: (+91) 98412 71858

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/24-26 WPP NO. TN/PMG(CCR)/WPP-216/24-26

## ઈકો ઓફ હીઝ કોલ

**યુટ્યુબ**

**સબસ્ક્રાઈબ કરો**

જ્યારે તમને સમય મળે ત્યારે કૃપા કરીને અમારી **ઈકો ઓફ હીઝ કોલ યુટ્યુબ ચેનલ** જુઓ અને તેને સબસ્ક્રાઈબ કરો. આભાર

– સંપાદક

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

Branch : **Triplicane, Chennai-5**
Name : **S. Sam Selva Raj**
A/C No. : **1023 2934 679**
IFSC : **SBIN 00 00 249**
SWIFT CODE : **SBI NIN BB 455**

### *2. Bank : ICICI Bank*

Branch : **Anna Salai, Chennai-6**
Name : **Echo of His Call**
A/C No. : **6038 0502 2319**
IFSC : **ICIC 000 6038**

### *3. Bank : State Bank of India*

**(This Account is for Tax Exemption for Indians only )**

Branch : **Triplicane, Chennai-5**
Name : **Echo of His Call Educational Trust**
A/C No. : **1023 2923 805**
IFSC : **SBIN 00 00 249**

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**
*****
E.mail : sam@echoofhiscall.org

## તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/- આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીઝ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીઝ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીઝ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીઝ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીઝ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.com

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

**RNI NO. 70103/98**
**Postal Regn. No. TN/CH/(C)/203/24-26**
**WPP NO. TN/PMG(CCR) / WPP- 216/24-26**
**Date of Publication: Third week of every month**
**Date of Posting : 15th & 16th of every month**
**Posted at "Egmore RMS / 1 Patrika Channel"**
**on 16th APRIL 2024**

**If un-delivered please return to:**

**ECHO OF HIS CALL (GUJARATI)**
**P.O. Box No. 2957,**
**Chepauk, Chennai - 600 005, INDIA.**
**Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766**

***JESUS LOVES YOU!***

**To**

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers,** New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**